ગાંધીનગર સમાચાર

# એએપીસીસી દ્વારા 'નો યોર બટન્સ' કાર્યક્રમ યોજાયો



અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા ત્રણ દિવસીય ''નો યોર બટન્સ'' (Know Your Buttons) કાર્યક્રમ એલ.ડી.આર.પી., સેક્ટર-૧૫ ખાતે સવારે ૮:૩૦ વાગ્યાથી સાંજે ૪:૩૦ વાગે સુધી યોજાયો જેમાં એફ.વાય અને એસ.વાય બી.કોમનાં ૭૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ટ્રેનર તરીકે કૃતિ પટેલ, ડો.રોનક કડિયા અને કવલપ્રીત ભટ્ટ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃતિઓનાં માધ્યમથી સ્વ-મૂલ્યાંકન, સ્વ-વિકાસ અને સ્વ-સંચાલન અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ આમ સ્વની શક્તિઓને ઓળખી જીવનમાં હારાત્મક અભિગમ સાથે આગળ વધવા આહ્વાન કર્યુ હતું.

કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં કોલેજના આચાર્ય ડો.વિજ્ઞા ઓઝા અને ડો.ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમનું જીવનમાં મહત્વ સમજાવી પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો. ધર્મેન્દ્ર પટેલ, પ્રો. ખુશ્બુ પટેલ, રુચી યાજ્ઞિક, પૂનમ લોહાણા અને એમ.કોમના વિધાર્થી સુરજ મૂંજની દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



પ્રેમ કનુભાઈ પ્રજાપતિ



ધ્રુવી રાકેશકુમાર જાની



દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫



શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ધોરણ-૯ અને ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સ્લોગન, બેનર, ચાર્ટ જેવી વિવિધ સર્જનાત્મક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શન શાળાની લાયબ્રેરીમાં યોજવામાં આવ્યું હતું. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક મેઘાબેન ભટ્ટ દ્વારા કરાયું હતું. નિર્ણાયક તરીકેની સેવાઓ મેરાજબેન પઠાણ દ્વારા આપવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે દિશા વી પટેલ અને યશ્વી એ પટેલ, દ્વિતીય ક્રમે દેવલ એમ પટેલ અને તૃતિય ક્રમે મિલાપ જી ભરાડીયા તથા પાર્થ એમ પરમાર વિજેતા બન્યા હતા.

## ખેલ મહાકુંભની કુસ્તી સ્પર્ધામાં બિલોદરા હાઈસ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૧

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારની કુસ્તી સ્પર્ધા માણસા ખાતે યોજાઈ હતી, જેમાં શ્રી પીપીઆર શાહ હાઈસ્કૂલ, લિંબોદરાના વિદ્યાર્થી વિરેન્દ્રસિંહ વાઘેલાએ ૬૦ કિગ્રા વજન જૂથમાં ભાગ લઈને દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. અન્ય ૬ વિદ્યાર્થીઓએ પણ અલગ અલગ વયજૂથની સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો. આ વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



ખેલ મહાકુંભ અંતર્ગત તરણ સ્પર્ધાનું આયોજન ગાંધીનગર જીમખાના ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાના ૧૫૦ તરણવીરોએ ભાગ લીધો હતો. દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના સાત વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈને પાંચ ગોલ્ડ મેડલ, પાંચ સિલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૨૭ હજાર રૂપિયાના રોકડ ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં. આચાર્ય અતનુ રથે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ યુનિવર્સિટી ખાતે વર્ચ્યુઅલ લેબના પ્રયોગોનું નિદર્શન કરાયું

ગાંધીનગર, તા. ૨૦

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરે આઈઆઈટી - રૂરકી દ્વારા સ્થાપિત વર્ચુઅલ લેબનું નોડલ સેન્ટર છે જ્યાં આ લેબ દ્વારા એન્જિનિરીંગના વિવિધ શાખાના વિદ્યાર્થીઓ જેમ કે કેમિકલ, ઓટો, કમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, સિવિલ, મિકેનિકલ વિગેરે સીધા આઈઆઈટી - રૂરકીના નિષ્ણાતોના સંપર્કમાં રહીને વર્ચુઅલ લેબના માધ્યમથી વિવિધ કોર્સ, પ્રોજેક્ટસ અને એસાઈનમેન્ટસ પર કામ કરી શકે છે અને તેના દ્વારા તેઓ પોતાના ફિલ્ડ વિષે પ્રેક્ટિકલ અને નવીનતમ ટેકનોલોજી પર અપગ્રેડ રહી શકે છે. તેના ભાગ રૂપે, આઈઆઈટી - રૂરકીના બે વિષય નિષ્ણાતો રાજીવ કુમાર અને અમિત શરણાએ યુનિવર્સિટીના નોડલ સેન્ટર ખાતે રૂબરૂ હાજર રહીને ૨૫૦થી વધુ એન્જિનિરીંગના વિદ્યાર્થીઓને પોતાના લેબના પ્રયોગોને સીધા વર્ચુઅલ લેબ પ્લેટફોર્મ પર અમલીકરણ કેવી રીતે કરી શકાય તથા તેના ફાયદાઓ અંગે માહિતગાર કર્યા હતા.

વધુમાં ફિઝિકલ લેબ અને સાધનો વગર પણ પ્રયોગો કેવી રીતે આગળ ધપાવી શકાય તે અંગે ખુબ જ રસપ્રદ અને ઉપયોગી માહિતી આપી હતી.

યુનિવર્સિટી ના ૩ વિદ્યાર્થીઓ હર્ષ પટેલ, સુમિત સિંહ રાણા અને અભિષેક રેડ્ડીએ આઈઆઈટી - રૂરકી ખાતે ૧૦ દિવસ સુધી ટ્રેનિંગ લીધી હતી અને હવે તેઓ યુનિવર્સિટી ખાતે વર્ચુઅલ લેબ માટે ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમના વર્ચુઅલ લેબ પ્રયોગોનો પ્રોગ્રામિંગ દ્વારા સિમ્યુલેશન ડેવેલોપ કરી રહ્યા છે જે ભવિષ્યમાં આ પ્લેટફોર્મનો ઉપયોગ કરનારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ કામમાં આવશે, એ ખુબ જ પ્રશંશનીય છે. યુનિવર્સિટીના કમ્પ્યુટર એન્જિનિરીંગ ડીપાર્ટમેન્ટ ના હેડ અને નોડલ સેન્ટરના કોર્ડીનેટર ડો.ગૌરવ કુમાર અમેટાએ જણાવ્યું હતું કે, આ પ્રકારના વર્કશોપથી વિદ્યાર્થીઓને લર્નિંગ એક્સપોઝર મળે છે તથા વર્ચુઅલ પ્રયોગોથી નોલેજમાં વધારો થાય છે.

## હરીન્દ્ર દવેના જન્મદિને સાહિત્યિક કાર્યક્રમ યોજાયો



ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે,તારીખઃ ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૯, ગુરુવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે મીલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ(આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે,કવિ,નવલકથાકાર હરીન્દ્ર જયંતીલાલ દવેના ૯૦મા જન્મદિને સાહિત્યિક વ્યાખ્યાન 'માધવ ક્યાંય નથી મધુવનમાં'નું આયોજન કરવામાં આવ્યું હતું. હરીન્દ્ર દવેના અમેરિકાસ્થિત દીકરા દિપક દવેએ મોકલાવેલ ઓડીઓ શુભેચ્છા સંદેશ ઉપસ્થિત શ્રોતાઓ સમક્ષ પ્રસારિત કરવામાં આવ્યો હતો. હરીન્દ્ર દવેની જાણીતી રચનાઓ 'રાત આખી ઝરમરનાં ઝાંઝર વાગે'ની પ્રસ્તુતિ નિહારિકા આચાર્યે અને 'પાલવ અડક્યાનો અમને વ્હેમ છે'ની પ્રસ્તુતિ વિપુલ આચાર્યે કરી હતી. હરીન્દ્ર દવેની કાવ્યસૃષ્ટિ વિશે કવિશ્રી સંજુ વાળાએ અને હરીન્દ્ર દવેની નવલકથાઓ વિશે શ્રી નરેશ વેદએ વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી મનીષ પાઠક શ્વેત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાહિત્યકારો તેમજ સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

# ડાયેટિશિયન બનવા માટે શું કરવું?



કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું હાલ એન્જીનિયરીંગ માં અભ્યાસ કરું છું.મોટર વિહિકલ ક્લાસ -૨ ઈન્સ્પેક્ટર બનવા માટે શું કરવું? યોગ્ય માહિતી આપશો.**

**- યોગેશ કશ્યપ, ગાંધીનગર**

યોગેશ, મોટર વિહિકલ ઈન્સ્પેકટર ની ભરતી ગુજરાત સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા યોજી ને કરવામાં આવે છે.જે જે-તે સમયે ભરતી પ્રક્રિયા બહાર પાડી યોજવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા નું આયોજન જી.પી.એસ.સી બોર્ડ ધ્વારા કરવામાં આવે છે. આ પરીક્ષા માટેની શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો ઉમેદવારે મિકેનિકલ અથવા ઓટોમોબાઇલ એન્જીનિયરીંગ શાખા માં થી સ્નાતક કક્ષા ની ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.ઉમેદવાર જોડે નિમણૂક ની તારીખે હળવા વિહિકલ નું લાયસન્સ હોવું ફરજીયાત છે.અને બીજી બાબત જણાવિશુ કે આ જગ્યા માટે



શારીરિક લાયકાત ની પણ ચકાસણી કરવામાં આવે છે. આ માટે લેવામાં આવતી પરીક્ષાની વાત કરીએ તો સૌપ્રથમ પ્રાથમિક કસોટીમાં બે પ્રશ્નપત્રો નો સમાવેશ થાય છે.જેમાં પ્રશ્નપત્ર માં ટેકનિકલ ક્ષેત્રના પ્રશ્નોનો સમાવેશ થાય છે જ્યારે બીજા પ્રશ્નપત્ર માં અંગ્રેજી અને ગુજરાતી વિષય નો સમાવેશ થાય છે.ત્યાર બાદ દ્વિતીય કસોટી માં શારીરિક અને મેડિકલ પરીક્ષા નો સમાવેશ થાય છે.અને છેલ્લે ઉમેદવાર ને રૂબરૂ મુલાકાત એટ્લે કે ઈન્ટરવ્યુ માટે અને ડૉક્યુમેન્ટ ની ચકાસણી માટે બોલાવવામાં આવે છે.અને ત્યાર બાદ યોગ્ય ઉમેદવારો ને નિમણૂક પત્રક આપવામાં આવે છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૨. હું ૧૨ સાયન્સ ગ્રૂપ-એ માં અભ્યાસ કરૂ છું.આગળ ભવિષ્ય માં હું કયા કયા ક્ષેત્ર માં આગળ વધી શકું.માહિતી આપશો.**

**- જયેન્દ્ર રાવલ, અમદાવાદ**

જયેન્દ્ર, ગ્રુપ-એ પછી ઘણા બધા વિકલ્પ હોય છે જે આપ ને એક સફળ કારકિર્દી બનાવવામાં ઉપયોગી થઇ શકે છે. પણ સૌથી મહત્વની બાબત એ છે કે આપ કયા વિષય અથવા ક્ષેત્રમાં રુચિ ધરાવો છો! આપે એજ વિષય અને ક્ષેત્ર પસંદ કરવું કે જેમા આપ કોઈ બર્ડન એટ્લેકે ભાર વગર એટ્લે કે ચિંતામુક્ત અભ્યાસ કરી શકો. હવે વિકલ્પ ની વાત કરીએ તો, ૧૨ સાયન્સ (ગ્રુપ એ) પછી આપ બી.ઈ , બી.ટેક. એટ્લે કે ઍન્જિનીયરિંગ ક્ષેત્ર માં જઈ શકો છો, જેમાં આપ કોમ્પ્યુટર , સિવિલ, ઇલેક્ટ્રીકલ વગેરે જેવા મુખ્ય વિષય પસંદ કરી



આગળ વધી શકો છો. એ સિવાય ઘણા વિદ્યાર્થીઓ બી.એસ.સી. ની પસંદગી કરતા હોય છે જેમાં આપ કેમેસ્ટ્રી , ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી જેવા વિષય પસંદ કરી શકો છો. તદુપરાંત અન્ય એક વિકલ્પ છે જેના વિશે મોટાભાગના વિદ્યાર્થી અજાણ હોય છે અને તે છે બી.ફાર્મ. આપ એ-ગ્રુપ પછી પણ ફાર્મસી પસંદ કરી શકો છો. અન્ય એક વિકલ્પની વાત કરીએ તો એ છે બી.સી.એ. એટ્લે કે બેચલર ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન , એ કર્યા પછી આપ માસ્ટર એટ્લે કે એમ.સી.એ પણ કરી આઈ.ટી ક્ષેત્ર માં જઈ શકો છો. એક અન્ય વિકલ્પ ની વાત કરીએ જેના વિશે ઘણા વિદ્યાર્થીઓ ને માહિતી નથી હોતી,એ છે લૉ એટ્લેકે સી.એલ.એ.ટી.ની પરીક્ષા આપી એન.એલ.યુ જેવી પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન મેળવી એક જ્વલંત કારકિર્દી બનાવી શકો છો. ત્યાર બાદ એક અલગ વિકલ્પ આઇ.એચ.એમ એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ માટે આપે એન.સી.એચ.એમ.સી.ટી.-જે.ઈ.ઈ.ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. આઇ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો.આ અને અવા ઘણા વિકલ્પ પર તમે વિચાર કરી શકો છો.પણ સૌથી મહત્વની વાત જે તમને શરુઆતમાં કરી હતી કે આ બધા વિકલ્પમાંથી આપ એજ વિકલ્પ પસંદ કરશો જેમાં આપને રુચિ હોય.જેથી આપ સરળતાથી આપના મનપસંદ લક્ષ્યને પ્રાપ્ત કરી શકો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૩. હું હાલ ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. હું હોટેલ મેનેજમેંટ ક્ષેત્રે આગળ વધવા માંગુ છું.આ ક્ષેત્ર માં આવતા અલગ અલગ ડિપાર્ટમેંટ વિષે માહિતી આપશો.**

**- રાધિકા પટેલ, ગાંધીનગર**

હોટેલ મેનેજમેંટમાં આપના માટે પ્રાઈવેટ કંપની અને ગવરમેન્ટ (સરકારી) ક્ષેત્રમાં કારકિર્દીની તકો



રહેલી છે. આ વિકલ્પ માટે આપ ધોરણ ૧૨ પછી એન.સી.એચ.એમ.સી.ટી.-જે.ઈ.ઈ.ની પરીક્ષા આપી કોઇ પણ સારી કોલેજમાં એડ્મીશન લઈ શકો છો. ઉપરોક્ત જણાવેલ પરીક્ષાથી આપ ભારતની પ્રતિષ્ઠિત એવી આઇ.એચ.એમ. કોલેજમાં પ્રવેશ મેળવી શકો છો. આપને જે ડિગ્રી સામાન્ય રીતે મળતી હોય છે તેને બી.એચ.એમ. કહવાય છે. આપે એક વાત ધ્યાનમાં રાખવી કે આપે બી.એચ.એમ. કોઈ સારી એટ્લે કે પ્રતિષ્ઠિત કોલેજમાંથી જ કરવું જેથી આપને સારી તકો મળી રહે. હવે આ કોર્સમાં આવતા અલગ-અલગ ડિપાર્ટમેન્ટની વાત કરીએ તો તેમાં મુખ્યત્વે ત્રણ ભાગ હોય છે. હાઉસકીપીંગ એન્ડ કેટરીંગ એટ્લે કે રખરખાર, ફૂડ ઍન્ડ બેવરેજિસ એટ્લે કે કૂકિંગ, ફંટ ઓફિસ અને સેલ્સ કે જેમાં આપને હોટેલમાં આપતી સર્વિસિસનું વેચાણ કરવાનું હોય છે. આપ આપના મનપસંદ વિભાગનું ચયન કરી શકો છો અને તેમાં પોતાના માટે એક સફળ કારકિર્દી બનાવી શકો છો. ધ્યાનમાં રાખવા લાયક બાબત એ છે કે બી.એચ.એમ. કર્યા પછી આપને જોબ માત્ર હોટલ માં જ નહીં પરંતુ રેસ્ટોરન્ટ, બાર, કોફી ચેન જેમ કે સી.સી.ડી., અને એવી કોઈ પણ જગ્યા જ્યાં સર્વિસ મહત્વની હોય ત્યાં આપને જોબ મળી શકે છે. આખા ભારતમાં સરવાળે ૧૮ આઇ.એચ.એમ. આવેલ છે જેમ કે આઇ.એચ.એમ દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, હૈદ્રાબાદ વગેરે ટોચ પર આવે છે. આઇ.એચ.એમ ગુજરાતમાં પણ છે જે ગાંધીનગર સ્થિત છે. એન.સી.એચ.એમ.સી.ટી. સિવાય આપ અન્ય મુખ્ય પરીક્ષા જેમ કે સિંબાયોસિસ, યૂ.જી.એ.ટી., મહારાષ્ટ્ર સી.ઈ.ટી., વિગેરે પરીક્ષાઓ આપી શકો છો. ઉપર જણાવ્યા મુજબ આપ કોઈ પણ સારી કોલેજમાંથી પોતાની ડિગ્રી લેશો તો આપનું ભવિષ્ય ચોક્કસપણે ઉજ્વળ બનશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner

## ઈન્ડિયન ઓપિનિયનનો પ્રારંભ

॥ બીજો મણકો ॥

'એમ જ હોય તો આપણે લાચાર થયા. પણ આંસુ ઢાળવાનું કશું કારણ નથી. હજી કાંઈ પ્રયત્ન થઈ શક્તા હોય તો કરી છૂટીએ. પણ પેલા ઘોડાનું શું?' એમ બોલી મેં આશ્વાસન આપ્યું.

વેસ્ટ બોલ્યા : 'એ ઘોડો ચલાવનારા આપણી પાસે માણસો ક્યાં છે ? આપણે છીએ તેટલાથી એ ઘોડો ન ચાલે. તેને ચલાવવાને સારુ વારાફરતી ચાર ચાર માણસ જોઈએ. આપણે તો બધા થાક્યા છીએ.'

150 ગાંધીયાત્રા

સુતારી કામ તો બધું પૂરું નહોતું થયું. તેથી સુતારો હજુ ગયા નહોતા. તેઓ છાપખાનામાં જ સૂતા હતા. તેમને ચીંધીને મેં કહ્યું : 'પણ આ બધા મિસ્ત્રીઓ છે એનું શું ? ને આજની રાતને સારુ આપણે બધા અખંડ ઉજાગરો કરશું. આટલું કર્તવ્ય બાકી રહે છે એમ મને લાગે છે.'

'મિસ્ત્રીઓને ઉઠાડવાની ને તેમની મદદ માગવાની મારી હિંમત નથી, ને આપણે થાકેલા માણસોને પણ કેમ કહેવાય ?

'એ મારું કામ ,' મેં કહ્યું.

'તો સંભવ છે કે આપણે પહોંચી વળીએ.'

મેં મિસ્ત્રીઓને જગાડયા ને તેમની મદદ માગી. મારે તેમને વીનવવા ન પડ્યા. તેમણે કહ્યું: 'આવે ટાણે અમે કામ ન આવીએ તો અમે માણસ શેના ? તમે આરામ લો. અમે ઘોડો ચલાવી દઈશું. અમને એમાં મહેનત લાગે તેમ નથી.'

છાપખાનાના જણ તો તૈયાર હતા જ.

વેસ્ટના હર્ષનો પાર ન રહ્યો. તેમણે કામ કરતાં ભજન શરૂ કર્યું. ઘોડો ચલાવવામાં મિસ્ત્રીઓની સામે હું ઊભો ને બીજા બધા વારાફરતી ઊભા. કામ નીકળવા માંડ્યું.

સવારના સાતેક વાગ્યા હશે. મેં જોયું કે હજુ કામ સારી પેઠે બાકી હતું. વેસ્ટને કહ્યું : 'હવે ઈજનેરને જગાડી ન શકાય ? દિવસના અજવાળામાં પાછી મહેનત કરે ને કદાચ ઍંજિન ચાલે તો આપણું કામ વખતસર પૂરું થઈ જાય.'

વેસ્ટે ઈજનેરને ઉઠાડ્યો. તે તુરત ઊઠી નીકળ્યો ને ઍંજિનની કોટડીમાં પેંઠો. શરૂ કરતાં જ ઍંજિન ચાલવા માંડ્યું. પ્રેસ ખુશીના પોકારથી ગાજી ઊઠ્યું. 'આમ કેમ થતું હશે ? રાત્રે આટઆટલી મહેનત કર્યા છતાં ચાલ્યું નહીં, ને હવે કેમ જાણે કંઈ દોષ ન હોય એમ ચલાવતાં જ ચાલવા લાગ્યું ?'

વેસ્ટે કે ઈજનેરે જવાબ આપુયો : 'એનો ઉતર આપવો મુશ્કેલ છે. યંત્રોને પણ કેમ જાણે આપણી પેઠે આરામ જોઈતો હોય નહીં, એવી રીતે કેટલીક વેળા તેઓ વર્તતા જોવામાં આવે છે !'

મેં તો માન્યું કે આ ઍંજિનનું ન ચાલવું એ અમારી બધાની કસોટી હતી, ને તેનું અણીને સમયે ચાલવું શુધ્ધ મહેનતનું શુભ ફળ હતું.

છાપું નિયમસર સ્ટેશને પહોંચ્યું, ને બધા નિશ્ચિંત થયા.

આવા આગ્રહને પરિણામે છાપાની નિયમિતતાની છાપ પડી ને ફિનિક્સમાં મહેનતનું વાતાવરણ જામ્યું. આ સંસ્થામાં એવો પણ એક યુગ આવ્યો કે જ્યારે ઍંજિન ચલાવવાનું ઈરાદાપૂર્વક બંધ કરવામાં આવેલું ને દઢતાપૂર્વક ઘોડાથી જ કામ ચલાવતા. ફિનિક્સનો આ ઊંચામાં ઊંચો નૈતિક કાળ હતો એવી મારી માન્યતા છે.

સૌજન્ય : સત્યના પ્રયોગો